રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને મિશન સ્કુલ્સ ઓફ એક્સલન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુ માટે દ્વિસ્તરીય સ્વરૂપ સાથે 'શિક્ષક અભિરુચિ કસોટી' (Teacher Aptitude Test-TAT) ના આયોજન બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2022/5921/G,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૭/૦૧/૨૦૨૬.

વંચાણે લીધા:

1. શિક્ષણ વિભાગનો સરખા ક્રમાંકનો તારીખ ૨૯/૦૪/૨૦૨૩ નો ઠરાવ.
2. શિક્ષણ વિભાગનો સરખા ક્રમાંકનો તારીખ ૧૩/૦૧/૨૦૨૬ નો ઠરાવ.
3. કમિશનર શાળાઓની કચેરીનો તારીખ ૧૯/૧૨/૨૦૨૫નો પત્ર ક્રમાંક: COS/SEC/e-file/276/2025/2600/SECONDARY/12698-701

પ્રસ્તાવના:

વંચાણે લીધા ક્રમ-૧ પરના તારીખ ૨૯/૦૪/૨૦૨૩ના સરખા ક્રમાંકના ઠરાવથી રાજ્યની સરકારી તેમજ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષક ભરતી કરવા માટે દ્વિસ્તરીય સ્વરુપે "શિક્ષક અભિરુચિ કસોટી" (Teacher Aptitude Test Two Tier) દાખલ કરી પ્રાથમિક અને મુખ્ય પરીક્ષાનું માળખું નિયત કરવામાં આવેલ.

૨. વંચાણે લીધા ક્રમ-૨ પરના તારીખ ૧૩/૦૧/૨૦૨૬ ના સરખા ક્રમાંકના ઠરાવથી તારીખ ૨૯/૦૪/૨૦૨૩ના મૂળ ઠરાવ સાથેના પરિશિષ્ટ-૨ માં દર્શાવેલ TAT-S અને TAT-HSના મુખ્ય કસોટીના પ્રશ્નપત્ર-૨ (વિષયવસ્તુ અને વિષય પધ્ધતિ સજ્જતા) ના માળખામાં સુધારો કરવામાં આવેલ.

૩. વંચાણે લીધા ક્રમ-૩ પરના કમિશનર શાળાઓની કચેરીના તારીખ ૧૯/૧૨/૨૦૨૫ ના પત્રથી રાજ્યની સરકારી અને બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આગામી શિક્ષણ સહાયક ભરતી માટે TAT(S)અને TAT(HS)માં પાસીંગ માર્ક્સ ના ધોરણમાં સુધારો કરવા બાબતે દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**-: ઠરાવ: -**

વંચાણે લીધા ક્રમ-૧ પરના તારીખ ૨૯/૦૪/૨૦૨૩ના ઠરાવની કાર્યપ્રણાલીના મુદ્દા નં. (૯)(ક) મુખ્ય પરીક્ષામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

1. સામાન્ય (GENERAL) કેટેગરીના ઉમેદવારોના કિસ્સામાં મુખ્ય પરીક્ષામાં ઓછામાં ઓછા ૬૦% ગુણ મેળવેલ ઉમેદવારોનો મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે.
2. અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), આર્થિક રીતે નબળા વર્ગો (EWS) અને દિવ્યાંગ (PH) કેટેગરી ના ઉમેદવારોના કિસ્સામાં મુખ્ય પરીક્ષામાં ઓછામાં ઓછા 55% ગુણ મેળવેલ ઉમેદવારોનો મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે.

ઉક્ત સુધારેલ જોગવાઈ સિવાય વંચાણે લીધા ક્રમ-૧ પરના તારીખ ૨૯/૦૪/૨૦૨૩ અને વંચાણે લીધા ક્રમ-૨ પરના તારીખ ૧૩/૦૧/૨૦૨૬ના ઠરાવની અન્ય તમામ શરતો/વિગતો/જોગવાઈઓ યથાવત રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંક ની ઈ-ફાઇલ પર સરકારશ્રીની તારીખ ૨૦/૦૧/૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામા આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(સતિશ જે. પરમાર)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા).
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્રસચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન,મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા. અને માધ્યમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા.અને મા.શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય. ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રા. અને મા.) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, કમિશનર શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (કમિશનર શાળાઓની કચેરી મારફત).
- એકાઉન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશનર શાળાઓની કચેરી મારફત).
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઠરાવ ઓનલાઈન મુકવા સારૂં).
- સેકશન અધિકારીશ્રી, ગ.૧/ગ.૨/છ શાખા , શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અ.શ્રીની સિલેકટ ફાઇલ
- શાખા સિલેકટ ફાઈલ -૨૦૨૬.